# આણંદ કૃષિ યુનિવર્સિટી
# આણંદ

**વંચાણે લીધોઃ** પોલીસ મહાનિદેશક અને મુખ્ય પોલીસ અધિકારી, ગુજરાત રાજ્ય, ગાંધીનગરના પત્ર ક્રમાંક:૧૮૯/STB/RB/F.NO./ટ્રાફિક નિયમ-અમલવારી /હેલ્મેટ /૧૦૫૮ /૨૦૨૪, તા.૧૮/૧૧/૨૦૨૪

## પરિપત્ર

**દ્વિ-ચક્રી વાહન ચાલકને**
**ફરજીયાત હેલ્મેટ પહેરવા બાબત..**

ગુજરાત સરકારશ્રી દ્વારા તમામ સરકારી કચેરીઓના પરિસરમાં દ્વિ-ચક્રી વાહન ચલાવનાર તેમજ તેની પાછળ બેસનાર વ્યક્તિએ ફરજીયાતપણે હેલ્મેટ પહેરવા અંગેની અમલવારી કરવા જણાવેલ છે.

આથી આણંદ કૃષિ યુનિવર્સિટી હસ્તકના તમામ યુનિટ/સબ યુનિટના અધિકારીશ્રીઓ/ કર્મચારીશ્રીઓ તથા વિદ્યાર્થીઓને હેલ્મેટ પહેરવા અંગે જરૂરી સૂચના આપવામાં આવે છે.

તમામ આચાર્ય/ડીનશ્રીઓ તથા યુનિટ/સબયુનિટના વડાશ્રીઓને ઉપર્યુક્ત સૂચના મુજબ જણાવવામાં આવે છે કે, આણંદ કૃષિ યુનિવર્સિટી હસ્તકની તમામ કચેરીઓના પરિસરમાં કોઈપણ વ્યકિતગણ દ્વારા દ્વિ-ચક્રી વાહનનો ઉપયોગ કરવામાં આવે તો રાઈડર તથા પેસેન્જર એમ બંને જણ ફરજીયાત પણે હેલ્મેટ પહેરીને જ પરિસરમાં પ્રવેશ કરે તેનુ ચુસ્તપણે પાલન કરવા અંગેની સંપૂર્ણ ઘટતી કાર્યવાહી આપની કક્ષાએથી કરવાની રહેશે.

સદર પરિપત્ર યુનિવર્સિટી હિતની કામગીરી માટે જારી કરવામાં આવે છે જેનો ચુસ્તપણે અમલ કરવાનો રહેશે.

**કુલસચિવ**

**નં.આકૃયુ/રજિ/સંકલન/૧૫૬૮-૭૧/૨૦૨૪**
**તા.૨૨/૧૧/૨૦૨૪**

**નકલ સવિનય રવાનાઃ**

૧. તમામ આચાર્ય/ડીનશ્રીઓ તરફ જાણ તથા ચુસ્તપણે અમલ થવા સારૂ.
૨. તમામ યુનિટ/સબયુનિટ તરફ જાણ તથા ચુસ્તપણે અમલ થવા સારૂ.
૩. નિયામકશ્રી, વિદ્યાર્થી કલ્યાણ, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ જાણ તથા ચુસ્તપણે અમલ થવા સારૂ.

**નકલ રવાનાઃ**

૧. માન.કુલપતિશ્રીના રહસ્ય સચિવશ્રી તરફ જાણ સારૂ.
૨. કુલ સચિવશ્રીના રહસ્ય સચિવશ્રી તરફ જાણ સારૂ.
૩. મદદનીશ કુલસચિવશ્રી(વહીવટ/એકેડેમીક), આકૃયુ, આણંદ તરફ જાણ તથા અમલ સારૂ.
૪. આ કચેરીની તમામ શાખાઓ તરફ જાણ તથા અમલ સારૂ.
૫. સિક્યુરીટી ઓફીસરશ્રી, આણંદ કૃષિ યુનિવર્સિટી, આણંદ તરફ જાણ તથા યુનિવર્સિટીના તમામ પરિસર/કેમ્પસમાં ચુસ્તપણે અમલ થવા સારૂ.

# Gujarat Police

**Office of the IG of Police (STB)**
**Gujarat State, Sector No 30,**
**Block No.201/1 & 201/2, G-1 Type,**
**Gandhinagar - 382030**
**Phone-079-232 61224 Fax: 079-232 61225**
**E-Mail: dgp-stb-br@gujarat.gov.in**


ક્રમાંક:૧૮૬/STB/RB/F.NO. /ટ્રાફિક નિયમ-અમલવારી/હેલ્મેટ/ ૨૦૫૮ /૨૦૨૪, તા.૧૮/૧૧/૨૦૨૪.

પ્રતિ

ગુજરાત રાજયની તમામ યુનિવર્સિટીઓના

વાઇસ ચાન્સલરશ્રીઓ.

Office of the Vice Chancellor
A.A.U., Anand
18 NOV 2024
Inward No. 670

**વિષયઃ** દ્વિ-ચકી વાહન ચાલકને ફરજીયાત હેલ્મેટ પહેરવા બાબત.

**સંદર્ભઃ** નાયબ સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગરનાઓની કચેરીના પરિપત્ર ક્રમાંકઃ GAD/MSM/e-file/1/2024/5873/T, તા.૧૯/૧૦/૨૦૨૪

રાજયમાં ઉચ્ચ શૈક્ષણિક સંસ્થાઓ/કોલેજોમાં અંદાજીત ૧૬.૪ લાખ વિદ્યાર્થીઓ અભ્યાસ કરે છે. આ વિદ્યાર્થીઓ અવર-જવર માટે મોટા ભાગે દ્વિ-ચકી વાહનોનો ઉપયોગ કરે છે.

રાજયમાં વર્ષ ૨૦૨૩ દરમિયાન માર્ગ પર અકસ્માત થવાના કારણે કુલ ૭,૮૫૪ લોકો મૃત્યુ પામેલ હતા, જેમાં ૨,૭૬૭ (૩૫%) લોકોના મૃત્યુ હેલ્મેટ ન પહેરવાને કારણે થયા હતા. આ ઉપરાંત કુલ જીવ ગુમાવનારમાંથી ૨,૦૮૨ (૨૬.૫૦%) વ્યકિત ૨૬ વર્ષની નીચેની વયના છે, જે ખૂબ જ ચિંતાજનક બાબત છે. આ વયજુથમાં મુખ્યત્વે શૈક્ષણિક સંસ્થાઓમાં અભ્યાસ કરતાં વિદ્યાર્થીઓ હોય છે.

માર્ગ સુરક્ષા આજના સમયમાં અત્યંત મહત્વપૂર્ણ મુદ્દો છે. હેલ્મેટ પહેરવુ એ એક સરળ પરંતુ અત્યંત અસરકારક પગલુ છે. હેલ્મેટનો ઉપયોગ કરવાથી માથાના ભાગે ઘાતક ઇજાના જોખમને ઘટાડી શકાય છે. જે ગંભીર ઇજાઓને રોકી શકવામાં મદદરૂપ થાય છે અને જીવ બચાવવામાં મહત્વનો ભાગ ભજવે છે.

મોટર વાહન અધિનિયમ ૧૯૮૮ ની કલમ ૧૨૯ મુજબ દ્વિ-ચકીય વાહન ચાલક તેમજ પાછળ બેસનાર વ્યકિતએ **હેલ્મેટ પહેરવું ફરજીયાત** છે.

તાજેતરમાં નામદાર ગુજરાત હાઇકોર્ટે *suo-motu* રીટ પીટીશન દાખલ કરેલ છે. જે અંતર્ગત નામદાર હાઇકોર્ટ દ્વારા દ્વિ-ચકી વાહન ચલાવનાર તેમજ તેમની પાછળ બેસનાર વ્યકિતએ ફરજીયાતપણે હેલ્મેટ પહેરવા અંગેની અમલવારી કરવા જણાવેલ છે. આ ઉપરાંત રાજયની તમામ સરકારી કચેરીઓના

પરિસરમાં દ્વિ-ચક્રી વાહનનો ઉપયોગ કરતા અધિકારીઓ/કર્મચારીઓ/સ્ટાફ માટે હેલ્મેટ પહેરવા અંગે જરૂરી સૂચના ગુજરાત સરકાર દ્વારા આપવામાં આવેલ છે.

રાજ્યની તમામ યુનિવર્સિટીઓ (ખાનગી/સરકારી) પણ પોતાના તમામ અધિકારી/કર્મચારીઓ તથા વિદ્યાર્થીઓને હેલ્મેટ પહેરવા પ્રોત્સાહિત કરે તે માટે આપના સહકારની વિનંતી છે.

(વિકાસ સહાય)
પોલીસ મહાનિદેશક અને
મુખ્ય પોલીસ અધિકારી,
ગુજરાત રાજ્ય, ગાંધીનગર.

નકલ સવિનય રવાનાઃ (જાણ સારૂ)

- અધિક મુખ્ય સચિવશ્રી, ગૃહ વિભાગ, ગુજરાત સરકાર, સચિવાલય, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, સામાન્ય વહીવટ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગર.
- અધિક મુખ્ય સચિવશ્રી, શિક્ષણ વિભાગ, ગુજરાત સરકાર, ગાંધીનગર.
- પોલીસ કમિશનરશ્રી(અમદાવાદ/સુરત/રાજકોટ/વડોદરા), શહેર.
- પોલીસ અધિક્ષકશ્રીઓ(વે.રે.વડોદરા/અમદાવાદ સહિત), તમામ.